# مقدمة وغلاف المنتقى من موسوعة الأحاديث النبوية

શરૂ કરું છું અલ્લાહના નામથી જે અત્યંત દયાળુ અને કૃપાળુ છે

પ્રસ્તાવના

દરેક પ્રકારની પ્રશંસા અલ્લાહ માટે જ છે, જે સમગ્ર સૃષ્ટિનો પાલનહાર છે, દરુદ અને દરૂદ અને સલામતી ઉતરે આપણા વ્હાલા પયગંબર મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ (તેમના પર દરૂદ અને સલામતી થાય) પર, તેમની સંતાન, તેમના દરેક સહાબાઓ પર અને તે દરેક વ્યક્તિ પર જે કયામત સુધી તેમની આજ્ઞાનું સારી રીતે અનુસરણ કરે, ત્યાર બાદ:

અલ્લાહની પવિત્ર કિતાબ (કુરઆન) પછી એક મુસલમાન વ્યક્તિ માટે જે વસ્તુનો ખ્યાલ રાખવો અત્યંત જરૂરી અને વાજિબ છે, તે નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ (તેમના પર દરૂદ અને સલામતી થાય) ની હદીષોનું વાંચન કરવું, તેમાં ચિંતન મનન કરવું, અને તેનું જ્ઞાન પ્રાપ્ત કરી તેના પર અમલ કરવું છે, નબી અલૈહિસ્ સલાતુ વસલ્લામ (તેમના પર દરૂદ અને સલામતી થાય) એ કહ્યું:

«تركتُ فيكم أيُّها الناس، ما إنِ اعتصمتم به، فلن تضلُّوا أبدًا: كتاب الله، وسُنَّة نبيِّه»

«હે લોકો! મેં તમારા વચ્ચે એવી વસ્તુઓ છોડી છે, જો તમે તેના પર અડગ રહો, તો ક્યારેય ગુમરાહ અને પથભ્રષ્ટ નહીં થાઓ: એક અલ્લાહની કિતાબ (કુરઆન), અને બીજું, તેના પયગંબરની સુન્નત (હદીષો)» આ હદીષને ઇમામ માલિક રહિમહુલ્લાહ (અલ્લાહ તેમના પર રહેમ કરે) એ રિવાયત કરી છે, અને ઉચ્ચ અને મહાન અલ્લાહએ કહ્યું:

{وَمَا آتَاكُمُ الرَّسُولُ فَخُذُوهُ وَمَا نَهَاكُمْ عَنْهُ فَانْتَهُوا}

{જે કંઇ પણ તમને પયગંબર આપે, લઇ લો, અને જેનાથી રોકે, રુકી જાવ} [અલ્ હશ્ર: ૭], એટલા માટે અલગ અલગ ભાષાઓમાં ઇસ્લામિક સાહિત્ય પ્રચાર કરતી કાર્યરત સંસ્થા "ખીદમતુલ્ મુહતવી અલ્ ઇસ્લામી", અને "જમઇય્યતુદ્ દઅવહ વ તૌઇયહ અલ્ જાલિયાત રબ્વહ" એ નબવી હદીષોનો એક ઇન્સાઈકલોપીડિયા (જ્ઞાનકોશ) તૈયાર કરવા અને અલગ અલગ ભાષાઓમાં તેનું અનુવાદ કરવાનો ઇરાદો કર્યો.

ઉચ્ચ અને મહાન અલ્લાહએ શક્ય બનાવ્યું કે આ ઈન્સાઈકલોપીડિયા (જ્ઞાનકોશ) માટે એવી હદીષો પસંદ કરવામાં આવે, જેની એક મુસલમાનને દીન અને

દુનિયાની બાબતોમાં જરૂરત હોય છે, અને સાથે સાથે તે હદીષોની સંક્ષિપ્ત સમજૂતી અને તેના શબ્દોના અર્થોનો પણ ઉલ્લેખ કરવામાં આવે, અને તે હદીષો દ્વારા મળતા ફાયદા પણ વર્ણન કરવામાં આવે, અને તેને એક પુસ્તક સ્વરૂપે બહાર પાડવામાં આવે, જેનું નામ: «'અલ્ મુન્તકા મિન મવસૂઅતિલ્ અહાદિષિન્ નબ્વિય્યહ" નબવી હદીષોનો પસંદ કરેલ ઇન્સાઈકલોપીડિયા (જ્ઞાનકોશ)» વિશ્વની તમામ જીવંત ભાષાઓમાં તેના ભાષાંતર કરવાનું કામ ચાલી રહ્યું છે, જેથી તેના દ્વારા દરેક લોકો ફાયદો ઉઠાવી શકે, અને પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ (તેમના પર દરૂદ અને સલામતી થાય) ની હદીષોને દરેક લોકો સુધી તેમની ભાષામાં પહોંચાડી શકાય.

અમે અલ્લાહથી દુઆ કરીએ છીએ કે તે અમારા આ કાર્યને કબૂલ કરે, તેને બરકતવાળું કાર્ય બનાવે, તેને પોતાની પ્રસન્નતા માટે ખાસ કરી લે, અને આ કાર્યને તૈયાર કરનાર અને તેના અનુવાદ અને તેના પ્રકાશન કરવા માટે ભાગ લેનાર દરેક વ્યક્તિને અલ્લાહ સારો બદલો આપે.

અને દરૂદ અને સલામતી ઉતરે આપણા નબી મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પર

સંક્ષિપ્ત પરિચય

નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ (તેમના પર દરૂદ અને સલામતી થાય) ની હદીષો શરીઅતના આદેશો પ્રાપ્ત કરવાનો સૌથી મોટો બીજો સ્રોત છે, ઉચ્ચ અને મહાન અલ્લાહએ કહ્યું:

{وَمَا يَنْطِقُ عَنِ الْهَوَى (٣) إِنْ هُوَ إِلَّا وَحْيٌ يُوحَى}

{તેઓ પોતાની ઇચ્છા પ્રમાણે કોઇ વાત નથી કરતા, (3 )

જે કઈ તેઓ કહે છે, તે વહી હોય છે, જે તેમના પર ઉતારવામાં આવે છે} [અન્ નજમ: 3 -૪].

નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ (તેમના પર દરૂદ અને સલામતી થાય) ની હદીષોના આ ઇન્સાઈકલોપીડિયા (જ્ઞાનકોશ) માં એવી વ્યાપક હદીષોનો સંગ્રહ કરવામાં આવ્યો છે, જેની એક મુસલમાનને પોતાના દીન અને દુનિયાની બાબતોમાં જરૂરત હોય છે, અને સાથે સાથે તે હદીષોની સંક્ષિપ્ત સમજૂતી અને તેના શબ્દોના અર્થોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, અને તે હદીષોથી મળતા ફાયદા

પણ વર્ણન કરવામાં આવ્યા છે, (જેથી તે હદીષોને સારી રીતે સમજી શકાય), આ પસંદ કરેલ ઈન્સાઈકલોપીડિયા (જ્ઞાનકોશ) નું દુનિયાની અલગ જીવંત ભાષાઓમાં અનુવાદ કરવામાં આવ્યું છે, જેથી દરેક લોકો તેના દ્વારા ફાયદો ઉઠાવી શકે, અને નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ (તેમના પર દરૂદ અને સલામતી થાય) ની હદીષોનો દરેક લોકો સુધી તેમની ભાષામાં પહોંચાડી શકાય.

# અનુક્રમણિકા

No table of contents entries found

gu375v1.0 - 04/09/2026